# Be the BEST

BAPS Presentation

Day-07 | 15 June, 2020



## "Satsang"



### 'મારા સ્વામીની થાયે વાહ વાહ...'

પૃથ્વી પર વસતા કરોડો લોકોના હૃદયમાં પ્રમુખસ્વામી મહારાજે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રમુખસ્વામી મહારાજનો નિસ્વાર્થ પ્રેમ પામીને ધન્ય થયેલા દરેકના હૃદય પોકારી ઉઠે છે 'વાહ પ્રમુખસ્વામી વાહ...'

તો આવો, આ વાહ વાહમાં આપણે પણ જોડાઈ જઈએ, વીડિયો દર્શન દ્વારા. લીંક દબાવો અને વીડિયો માણો...

Click here

## "Study"

### 'સુલેખન'

- સારા અક્ષર અભ્યાસ અને લેખનની સુંદરતામાં વધારો કરે છે, જ્યારે ખરાબ અક્ષર ક્યારેક ગડબડ ઊભી કરે છે.
- તમને પ્રશ્ન થતો હશે કે ખરાબ અક્ષર કઈ રીતે સુધારી શકાય? તો આવો, જાણીએ એક વીડિયો દ્વારા.
- લીંક દબાવો અને વીડિયો માણો...



Click here

# "Skills"



## 'Do It Yourself'

મિત્રો! આજે આપણે રંગીન ફૂલદાની બનાવીશું.
તૈયાર છો ને તમે?
અરે! ફૂલદાની માટીથી નથી બનાવવાની,
આપણે આ ફૂલદાની કાગળમાંથી બનાવવાના છીએ.
તો ચાલો, લીંક દબાવો અને ફૂલદાની બનાવતાં શીખો.

Click here

# "Fun Time"



## 'જોકરનું નાક'

"કૌન હૈ બહેતર, નહીં જાનતે હમ,
દેખતે હૈ કિસમેં, કિતના હૈ દમ."

Yes Friends !!!

હવે, આપણે Competition કરવાના છીએ,
લીંક દબાવો અને રમત શીખો.

Click here

# "My Guru, My Life"

## 'The Golden HUG'



મિત્રો, જો મમ્મી-પપ્પા તમારા પર અતિશય રાજી થાય તો શું આપે ???
સાઇકલ, ચોકલેટ, ઘડિયાળ, રમકડાં વગેરે...
પણ આ તો બધું ક્ષણિક છે.
પણ, જો સ્વામીબાપાનો રાજીપો મળે તો તો અક્ષરધામ પાક્કું.
તો ચાલો, નોટબુક અને પેન લઈ લો, આપણે એક યાદી બનાવીશું કે...

''આપણે એવું તે શું કરીએ કે સ્વામીબાપા રાજી થઈને આપણને ભેટે?
એટલે કે GOLDEN HUG આપે.''

દા.ત.: ૧. ત્રણ કલાક અભ્યાસ.
૨. નિયમિત અને સમયસર બાળસભા.

અને મિત્રો, તે મુજબ આચરણ કરવા મંડી પડીએ...

**Be The Best**



# હેલો... ચાંદામામા !



આકાશમાં ચાંદામામા ખૂબ જ આતુર હતા.

આજે ભારતથી એક ચંદ્રયાન આવવાનું હતું. તેની રાહ જોઈને તેઓ બેઠા હતા.

તેવામાં દૂરથી એક ચંદ્રયાન આવતું દેખાયું. તે ઊડતું-ઊડતું પોતાની તરફ જ આવતું હતું.

ચાંદામામા તો ખુશખુશાલ થઈ ગયા. ચંદ્રયાને ચંદ્રની ધરતી પર પગ મૂકતાં જ પૂછ્યું, 'હેલો, ચાંદામામા ! કેમ મજામાં તો છો ને ?'

'ઠીક છું ભાઈ, અહીં આકાશમાં એકલો-એકલો કંટાળી જાઉં છું...' આમ કહી તેમણે ચંદ્રયાનની પ્રેમથી પીઠ થપથપાવી.

'મામા, હું ભારતથી આવ્યું છું. ભારતના વૈજ્ઞાનિકોએ ખૂબ જ મહેનત કરીને મને બનાવ્યું છે, જેથી હું તમારી પાસે આવી શક્યું.' ચંદ્રયાને કહ્યું.

ચાંદામામાએ હસીને કહ્યું, 'મને ખબર છે કે તું મારા વિશે જાણકારી મેળવવા માટે આવ્યું છે.' પછી ચાંદામામા પોતાના વિશે જણાવવા લાગ્યા...

'જો ભાઈ, મારો જન્મ પૃથ્વીની સાથે-સાથે જ થયો હતો. એવું માનવામાં આવે છે કે ૪૬૦ કરોડ વર્ષ પહેલાં હું પૃથ્વીથી છૂટો પડ્યો હતો. પણ પૃથ્વીની ગુરુત્વાકર્ષણ બળની હદમાં હોવાથી હું તેની આસપાસ ફરવા લાગ્યો. અહીં ગુરુત્વાકર્ષણ ખૂબ જ ઓછું હોવાથી હવા, પાણી કંઈપણ નથી. એટલે પૃથ્વીવાસીઓ અહીં આવતાં ગભરાય છે.' આટલું બોલી ચાંદામામા ચૂપ થઈ ગયા. ચંદ્રયાન તેમને એકલા છોડીને ત્યાંની જમીનનું નિરીક્ષણ કરવા લાગ્યું. પૃથ્વી પરથી ચમકતા દેખાતા ચંદ્રની જમીન કાળી અને માટી જેવી મેલી લાગતી હતી. તેના પર મોટા-મોટા ખાડા અને ખાઈઓ હતી. પહેલાં તેમને સમુદ્ર માનવામાં આવતા હતા. ઊંચા-ઊંચા પહાડો પણ હતા. ચંદ્ર પરનો સૌથી ઊંચો પહાડ લિવનીજ પણ દેખાયો. કમાંડરે કહ્યું હતું કે - આ પર્વત પૃથ્વીના માઉન્ટ એવરેસ્ટથી પણ ઊંચો છે.

બીજી તરફ ચંદ્રયાનની અંદર બેઠેલો અવકાશયાત્રી બહાર નીકળ્યો. તેનું મન કરતું હતું કે ચંદ્રની ધરતી પર દોડવા માંડું. પછી ધરતી તરફ જોઈ જોર-જોરથી પૃથ્વીવાસીઓને બૂમો પાડવા લાગ્યો, પણ ચંદ્ર પર વાયુમંડળ ન હોવાથી તેનો અવાજ બિલકુલ પૃથ્વી તરફ ગતિ કરી શકતો નહોતો. આથી તે મનને મારીને બેસી રહ્યો. પણ ચંદ્રયાનને કોઈ પરેશાની ન હતી. તે તો આરામથી ચાંદામામા સાથે વાતો કરી રહ્યું હતું.


ચંદ્રયાને પૂછ્યું, 'મામા, દિવસે તો તમે ખૂબ જ ગરમ થઈ જતા હશો નહીં ?... તો રાત્રે ઠંડી-ઠંડી શીતળ ચાંદની કેવી રીતે ફેલાવો છો ?'

'તારી વાત સાચી છે, દિવસે તો હું ૧૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી ગરમ થઈ જાઉં છું. અને રાત્રે... માઇનસ ૧૮૦ ડિગ્રી ઠંડો. રાત્રે જે પ્રકાશ પૃથ્વી પર પહોંચે છે, તે ખરેખર તો સૂર્યનો જ પ્રકાશ છે. જે મને અથડાઈને પૃથ્વી સુધી પહોંચે છે.' ચંદ્રે જણાવ્યું.

પછીથી હસીને કહ્યું, 'પૃથ્વીવાસીઓ હજુ મારા વિશે વધારે જાણતા નથી. મારી પાસે પુષ્કળ ધાતુઓ છે. જે પૃથ્વી પર નથી મળતી. એવી જ એક અજાણ ધાતુનું નામ વૈજ્ઞાનિકોએ રાખ્યું છેઃ 'આર્મલ કોલીઈટ'. આ નામ અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ, એલ્ડ્રિન અને કોલિન્સના નામના પહેલા-પહેલા અક્ષરથી બન્યું છે...'

ચંદ્રયાનનો અવકાશયાત્રી ૬ કલાક સુધી ચંદ્રપર શોધખોળ કરતો રહ્યો. તેની પાસે એક રોબોકાર પણ હતી. જે તેની મદદ કરી રહી હતી. તેણે ચંદ્રની જમીન પરની માટીના કેટલાક નમૂનાઓ ઉઠાવીને ચંદ્રયાનમાં મૂક્યા. અને પછી ચંદ્રયાન લઈને પૃથ્વી પર પાછો ફરવા લાગ્યો.

પૃથ્વી પર પાછા ફરતાં ચંદ્રયાને કહ્યું, 'આવજો ચાંદામામા...! એકલા-એકલા ઉદાસ ન થઈ જશો. હું જલદીથી તમને મળવા ફરીથી આવીશ...' ચાંદામામાએ પણ ખુશી-ખુશીથી ચંદ્રયાનને વિદાય આપી. અને ત્યાં સુધી તેની તરફ જોતા રહ્યા અને હાથ હલાવતા રહ્યા જ્યાં સુધી તે દેખાતું બંધ ન થયું.



# "Memories"


















**Friends,** આપને ખૂબ જ આનંદ થશે કે...
**"Be the Best"** ની બધી **activity** દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યાં છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલાં
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

Click here

# આપનો ડૉક્ટર મિત્ર





દર ૨૦ મિનિટે
સાબુથી ઘસીને હાથ
ધોઈ નાંખશો.



ઉધરસ/છીંક
આવે તો રૂમાલ
રાખીને ખાશો.



બહાર જાવ
ત્યારે માસ્ક
હમેંશા પહેરશો.



ઘરની બહાર
નીકળવું નહિ.



આંખ, મોઢું, નાકને
સ્પર્શ કરવાનું ટાળો.



ઘરમાં એકબીજા
સભ્યોથી દૂર રહો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

Click here

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ

Be The Best